

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા મીની પોલીસ ચોકી પાસે સ્વાઈન ફલુ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કેમ્પ અરવલ્લી આયુર્વેદિક જીલ્લા પંચાયત શાખા ધ્વારા આયુર્વેદિક ગરમાગરમ ઉકાળાનું વિતરણ કરાતાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. આરોગ્ય વિભાગના અધિકારીઓ અને સેવાભાવી કાર્યકરો ધ્વારા સ્વાઈન ફલુ પ્રતિરોધક આયુર્વેદિક ગરમાગરમ ઉકાળાના વિતરણનો ત્રિ-દિવસીય કેમ્પનો શુભારંભ યોજાયો હતો. ગુજરાત રાજ્ય સહિત સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં સ્વાઈન ફલુ નામનો રોગ દિન-પ્રતિ-દિન વકરતાં પ્રજાજનો ચિંતીત બન્યા છે.સ્વાઈન ફલુના રોગને કાબુમાં લેવા આયુર્વેદિક ચીજવસ્તુઓમાંથી બનાવેલું ગરમાગરમ ઉકાળાનું વિતરણ અરવલ્લી આયુર્વેદિક જીલ્લા પંચાયત શાખા અને ભિલોડા તાલુકા ધ્વારા ત્રિ-દિવસીય આયોજીત કેમ્પમાં નિઃશુલ્ક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાતાં મોટી સંખ્યામાં પ્રજાજનોએ ઉકાળો પીવાનો લાભ લીધો હતો.

# અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર યથાવત

## આજે જીલ્લામાં વધુ ૫ કેસ પોઝેટીવ નોધાયા : કુલ આંક ૨૪ પર પહોચ્યો : મોડાસામાં ૧, બાયડમાં ૧, ધનસુરામાં ૧, મેઘરજમાં ૧ અને માલપુરમાં ૧ કેસ

(સમીર બલોચ) મોડાસા, તા.૧૮

સ્વાઈનફલુ નામના રોગથી અત્યારે ગુજરાતની પ્રજા થરથર કાપી રહી છે ત્યારે આ રોગ થમવાની જગ્યાએ દિવસે ને દિવસે આ રોગના દર્દીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. જયારે આ રોગને લઈને દિવસેને દિવસે મૃત્યુઆંક પણ વધતો જાય છે. સમગ્ર ગુજરાત રાજયમાં આ રોગના પગલે આરોગ્ય વિભાગ રજાના દિવસે પણ કામગીરીમાં જોતારેયેલુ છે. ત્યારે આ રોગ થમવાનુ નામ જ નથી લેતો ત્યારે અરવલ્લી જીલ્લામાં પણ આ રોગના સકંજામાં આવવામાંથી બાકાત નથી રહયો. આ રોગે અરવલ્લી જીલ્લાને પણ ભરડામાં લીધો છે. અત્યાર સુધીમાં અરવલ્લી જીલ્લામાં આ રોગના સકંજામાં કુલ ૨૪ વ્યકતિઓ આવી હતી. પરંતુ આજે ૪ કેસ નોધાતા અરવલ્લી જીલ્લામાં આ રોગના દર્દીઓની સંખ્યા વધીને ૨૪ પર આંક પહોચ્યો છે ત્યારે આ રોગને લઈને અત્યાર સુધીમાં મૃત્યુઆંક ત્રણ ઉપર પહોચ્યો છે.

ત્યારે આજે અરવલ્લી જીલ્લાના મોડાસામાંથી બે જેટલા પોઝેટીવ કેસો મળી આવ્યા હતા. જયારે બાયડમાંથી ૧ કેસ અને માલપુરમાંથી ૧ કેસ મળી આવ્યો હતો. દિન પ્રતીદીન આ રોગ વધતો જાય છે ત્યારે આ રોગને લઈને અરવલ્લી જિલ્લાની પ્રજામાં ભયનો માહોલ સર્જાયો છે ત્યારે આ ભયાનક રોગને પગલે વાલીઓમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. હાલ વાલીઓ ધ્વારા પોતાના બાળકને પણ સ્કુલમાં મોકલવાનુ ટાળવા માં આવે છે ત્યારે આ રોગને લઈને હાલ ખાનગી હોસ્પીટલોના ડોકટરોને ઘી કેળા થઈ ગયા છે. હાલ દવાખાનાઓ ઉભરાઈ રહયા છે ત્યારે ડોકટરો ધ્વારા તગડી ફી વસુલવામાં આવતી હોવાની બુમ પણ ઉઠવા



આ રોગની બીકે દર્દીઓથી પામી છે.

# ડીસાનાં કંસારી અને કુચાવાડા ટોલપ્લાઝા વિવાદ

## નાયબ કલેકટરને આવેદનપત્ર અપાયુ

ડીસા, તા. ૧૮ડીસા તાલુકા માં આવેલા કંસારી અને કુચાવાડા ખાતેના બે ટોલપ્લાઝા પુનઃ વિવાદ માં સપડાયા છે, અને સ્થાનિકો ને ટોલટેક્ષમાં થી મુક્તિ ની માંગ સાથે અહી બનાવાયેલા બન્ને ટોલપ્લાઝા નિયમ અને નકશા થી વિરુદ્ધ અન્ય જગ્યાએ બનાવ્યા હોઈ તપાસ કરવાની માંગ સાથે આજે એન,જી,ઓ, જન કલ્યાણ યુવક મંડલે નાયબ કલેક્ટર ડીસા ને વિગતે આવેદન પત્ર આપી તપાસ ની માંગ કરતા વિવાદ પેદા થયેલ છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

બનાસકાંઠા ના ડીસા તાલુકા માં નેશનલ હાઈવે ઓથોરીતી મુખ્ય હાઈવે રોડ પર ૧૦ કિલોમીટર દુર આવેલા કંસારી ગામ નજીક અને અંદાજીત ૩૦ કિલોમીટર દુર કુચાવાડા ગામ પાસે બે અલગ - અલગ ટોલપ્લાઝા બનાવાયેલ છે જેનું હાલ સંચાલન રણજીત ટોલપ્લાઝા -ાઈવેટ લિમિટેડ કરે છે,જોકે નિયમ મુજબ અહી બે કિલોમીટર ના અંતરે રહેતા સ્થાનિકો ને ટોલ ફી માંથી મુક્તિ આપવાનો નિયમ હોવા છતાં અ બન્ને ટોલ પ્લાઝા ની આજુબાજુ ના અંદાજીત ૬૦ જેટલા ગામો નાં લોકો નિત્ય ટોલપ્લાઝા કર્મચારી હાથે અન્યાયી રીતે ટોલ ફી વસુલાતા દંડાય છે,આ બન્ને ટોલપ્લાઝા વચ્ચે માત્ર ૧૨ કિલોમીટર નું નજીવું અંતર છે,જે માત્ર વાહનચાલકો ને લુંટવા બનાવાયેલ છે તેવો આક્ષેપ કરી સ્થાનિક એન,જી,ઓ,એવી જન કલ્યાણ યુવક મંડલ ના -મુખ રબારી કલ્યાણભાઈ ગોવાભાઈ એ તેમના કાર્યકરો સાથે આ ગેરરીતી સામે બાયો ચડાવી છે અને આજ રોજ આ મામલે ડીસા ના નાયબ કલેકટર ડો, દિગંત બ્રમભટ્ટ ને લેખિત માં આવેદન પત્ર આપી તપાસ ની માંગ કરેલ છે અને જો આ મામલે યોગ્ય કાર્યવાહી નહિ કરાય તો ઉગ્ર આંદોલન થશે તેવી તેમને ચીમકી ઉચ્ચારેલ છે જેનાથી વિવાદ પેદા થયેલ છે. આ વિવાદ માં આમ આદમી પાર્ટી એ પણ સરકારની સામે બાયો ચઢાવી છે, અને નિષ્ક્રિય સરકાર ની ટોલપ્લાઝા લગતી નીતિ માં રાજય સરકાર પાંગળી પુરવાર થઈ છે, તેવું જણાવી આમઆદમી પાર્ટી નાં -મુખ ભેમાભાઈ ચોધરી એ કંસારી અને કુચાવાડા ટોલપ્લાઝા દ્વારા થતી સ્થાનિકો ની કનડગત અને ગેરકાયદેસર ની વસુલાત બંધ નહિ કરાય તો આમ આદમી પાર્ટી પણ આ લડત માં જોડાઈ ઉગ્ર -દર્સન કરશે તેવું જણાવ્યું હતું.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા ના પાલનપુર વાસણની ચોરી કરવી એક યુવકને ભારે પડી ગઈ.. પાલનપુર ના અમીર રોડ વિસ્તારમાં વાસણની દુકાનમાંથી વાસણ ચોરી કરતા એક યુવકને વેપારીએ ઝડપી પાડ્યો. ચોરી કરતા પકડાયેલ આ યુવકની દુકાનદારે જાહેરમાં જ બરાબરની ધોલાઈ કરી નાખી. લગભગ દસ મિનીટ સુધી આ લાઈવ મારામારીનો બનાવ બનતો રહ્યો. આ ઘટનાને જોવા લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા. મહામુસીબતે આ યુવક દુકાનદારની ચુંગાલ છટકી નાસી ગયો. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ જતા લોકોમાં ભારે કુતુહલ સર્જાયું.

# ખેડબ્રહ્મામાં નવુ રેકર્ડ બનાવી રસ્તા પૈકી જમીન હડપ કર્યાનો આક્ષેપ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા જમીન મહેસુલ અધિનિયમ વિરૂદ્ધ સરકારી રેકર્ડમાં છેડછાડ કરીરસ્તાની જમીનહડપ કરવામાં પાલીકાએમદદગારી કરી હોવાના સીધા આક્ષેપ સાથેનાયબ કલેક્ટર પાસેફરીયાદ કરવામાંઆવી છે.

આ અંગે માહિતી આપતા પટેલ દેવાંગભાઈ અરવિંદભાઈએ તા. ૧૦-૩-૧૪ના રોજ માહિતી માગતી અરજી કરી હતી તેનો સીટી સર્વે દ્વારા ખુલાસાબંધ જવાબ સમય મર્યાદામાં ન આપતા તેમણે સીધી અપીલ દાખલ કરી હતી. ત્યાં અરજી નિકાલ કરવા આયોગ અધિકારી, ગાંધીનગરે તુરંત હૂકમ કરેલ સમય મર્યાદામાં માહિતી ન આપી હોવાથી અરજદાર માહિતી લેવા ગયા ત્યારે તેના પાસેથી રૂ. ૧૦૦ ઝેરોક્ષના લઈ અને માહિતી આપી હતી. જેમાં ખેડબ્રહ્મા સીટી સર્વે નં. ૪૪૬૮નુ ક્ષેત્રફળ ૭૦.૨૦ ચો.મી. છે. તેના વધારો કરવા માટે કોઈ હુકમ થયેલ નથી. તેમ છતા સીટી સર્વે અને મામલતદાર કચેરીની બેદરકારીથી ૪૪૬૮ નો નવો પ્લાન બનાવ્યો છે. જેમાં ક્ષેત્રફળ ૧૫૩.૩૯ અન્વયે જમીનની સનદ અરજદારોને આપવામાં આવી હતી. માલિકી હક સ્થાપીત કરાયેલ તે સનદ ૪૪૬૮નુ ક્ષેત્રફળ ૭૦.૨૦ચો.મી. તેની ઉત્તરે માર્ગ દર્શાવવામાં આવેલ છે. ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં રસ્તા પૈકી દબાણ હોવાનુ જણાવેલ છે.

પ્લોટનો ક્ષેત્રફળ વધારો થવા કોઈ હુકમ થયેલ નથી. તા. ૨-૪-૧૪ના રોજ ચીફ ઓફીસરે દબાણ તોડવા નોટીસ આપેલ હતી તેજ બાંધકામ કોઈ અગમ્ય કારણસર નિયમ બદ્ધ કરી અપાયુ છે.

અરજદારે પાલીકાના ચીફ ઓફીસર, સીટી સર્વે કચેરી, નગરપાલિકા એન્જીનીયર, મામલતદાર કચેરીની સાંઠગાંઠ બોગસ દસ્તાવેજ ઉભો કરી રસ્તા પૈકીની જમીન હડપ કર્યાનો આક્ષેપ ખેડબ્રહ્મા નાયબ કલેક્ટર સમક્ષ કરવામાં આવેલ છે. જેના જવાબદાર અધિકારીઓ દ્વારા છેડછાડ કરેલ તેના વિરૂદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી છે.



## ‘ચાલ જિંદગી લગાવ શરત’ નાટક મોડાસા અને ખેડબ્રહ્મામાં પ્રસ્તુત કરાયું

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરની રાજ્ય બહાર કલા વૃંદોને મોકલવાની યોજના હેઠળ નાટક કરતા દિગ્દર્શકોને નાટ્ય નિર્માણ માટે આર્થિક સહાય આપવામાં આવે છે. જે હેઠળ સાબરકાંઠાના ગૌરવ પુરસ્કૃત નાટ્યકાર ભરત વ્યાસ દ્વારા ‘ચાલ જિંદગી લગાવ શરત’ નાટકનું નિર્માણ કરવામાં આવેલ છે. જેના બે શૉ અનુક્રમે તા. ૧૨-૨-૧૫ મોડાસા તથા ૧૫-૨-૧૫ ખેડબ્રહ્મા ખાતે યોજાયાં હતા. ભરત વ્યાસ લિખિત, દિગ્દર્શીત અને અભિનીત આ નાટક પળેપળે રંગ બદલતી જિંદગીને પ્રેમ કરતા માણસની કથા આધારિત હાસ્ય પ્રધાન સામાજિક ઉચ્ચ સંદેશ આપતું સર્વાંગ સુંદર નાટક છે. ખીચોખીચ ભરાયેલ હોલમાં બંને શૉ માં પ્રેક્ષકો મનભરીને હસ્યા હતા અને મન ભરીને નાટકને માણ્યું હતું. આ નાટકમાં અન્ય કલાકારો જયપ્રકાશ જોષી, મહેશ પંડ્યા, ભારતી ખંડાગલે, પીયુષ પટેલ, નિધી ઉપાધ્યાય, મહેન્દ્ર પ્રજાપતિ, પાર્થ બારોટ, શ્રુતિ લાખાણી અને યશસ્વી કાપડીયા અભિનય આપી રહ્યા છે. નાટકનું શીર્ષક ગીત ભરત વ્યાસ અને ભિખુ કવિએ લખ્યું છે.

# પ્રાંતિજમાં ઘડકણમાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા : ૨.૯૦ લાખની ચોરી

પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજના ઘડકણ મુકામે બંધ મકાનમાં તસ્કરોએ રાત્રિ દરમિયાન મુખ્ય દરવાજાના તાળા તોડી પ્રવેશ કર્યો હતો અને મકાનમાં રહેલ સોના-ચાંદીના દાગીના મોબાઈલ અને રોકડ રકમ સહિતનો રૂ. ૨.૯૦ લાખનો મુદામાલ લઈ પલાયન થઈ ગયા હતા.

ઘડકણ ગામના પુનમભાઈ રાઈચંદભાઈ શાહ પોતાના વતન રાજસ્થાન ગયા હતા. અને તેમનો પુત્ર તેના મિત્રના ઘરે ગયો હતો. દરમિયાન મોડી રાત્રે બંધ મકાનમાં કોઈ અજાણ્યા ચોર ઈસમોએ મકાનના તાળા તોડી પ્રવેશ કર્યો અને ઘરવખરી અસ્તવ્યસ્ત કરી લોખંડની પેટી, કબાટ, પીપમાંથી વગેરે જગ્યાઓથી શોધખોળ કરી કુલ ૧૦ તોલા સોનાના દાગીના, તથા ૨૦ તોલા ચાંદીના દાગીના સહિત મોબાઈલ અને ૨૯ હજાર રોકડા મળી કુલ ૨.૯૦ લાખનો મુદામાલ લઈ પલાયન થઈ ગયા હતા. જ્યારે બીજા દિવસે સવારે તેમનો પુત્ર ઘરે આવતા મુખ્ય દરવાજાના તાળા તુટેલા જોતા રાજસ્થાન ગયેલ પિતાને ફોન દ્વારા માહિતી આપી હતી. આથી પુનમભાઈ તાત્કાલિક રાજસ્થાનથી ઘડકરણ દોડી આવ્યા હતા અને પોલીસ ફરિયાદ નોંધાવા ગયા હતા જો કે હજુ સુધી પ્રાંતિજ પોલીસે ચોરી અંગે ફરિયાદ નોંધી નથી.

# ડીસા શહેરમાં ૧૦ હજાર વ્યક્તિઓને સ્વાઈન ફલુ પ્રતિરોધક ઉકાળો અપાયો

ડીસા, તા. ૧૮

સમગ્ર ગુજરાત માં છેલ્લા એક મહિના કરતાં પણ વધુ સમયથી સ્વાઈન ફલુએ રાજયના ઘણા બધા શહેરમાં હાહાકાર મચાવી દીધો છે. વધતાં જતા સ્વાઈન ફલુને નાથવામાં સરકાર તેમજ આરોગ્ય વિભાગ અને શહેરી વિસ્તાર માં પાલિકા તંત્ર દ્વારા જુદા જુદા -યત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે સ્વાઈન ફલુથી લોકોને બચાવવા માટે આજરોજ જિલ્લા આયુર્વેદ વિભાગ,ભારત વિકાસ પરિષદ અને કેમિસ્ટ એશોશીએશન ડીસા ના સહયોગથી શહેરમાં જલારામ મંદિર ખાતે સ્વાઈન ફલુ -તિરોધક ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો.

બનાસકાંઠા ના ડીસા માં આજરોજ જીલ્લા આયુર્વેદિક શાખા દ્વારા ભારત વિકાસ પરિષદ અને કેમિસ્ટ એશોશીએશન ડીસા ના સહયોગથી સ્વાઈન ફ્લુ સામે રક્ષણ હેતુ આયુર્વેદિક ઈલાજ સમાન ઉકાળા નું જલારામ મંદિર ખાતેના સેન્ટર થી નિશુલ્ક વિતરણ કરાયું હતું, જેમાં આજ ના દિવસે શહેરમાં ૧૦ હજારથી વધુ લોકોએ આ ઉકાળો પીવાનો લાભ લીધો હતો. શહેરમાં હાલ સ્વાઈન ફલુના ભોગ બનનાર લોકોની સંખ્યા દિવસે ને દિવસે વધતી જાય છે અને અત્યાર સુધીમાં સ્વાઈન ફલુથી મૃત્યુ પામનારાની સંખ્યા પણ ૧૫૫ સુધી પહોંચી ગઈ છે. જેનાં કારણે શહેરીજનોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ત્યારે ડીસા,માં સ્વાઈન ફલુથી લોકોને બચાવવા માટે અને તેના સચોટ ઈલાજ મનાતા આયુર્વેદ વિભાગ દ્વારા ઉકાળો તૈયાર કરવામાં આવી રહ્યો છે ડીસામાં જીલ્લા આરોગ્ય વિભાગ,ડીસા ભારત વિકાસ પરિષદ તેમજ ડીસા કેમિસ્ટ એશોશીએશન દ્વારા આ ઉકાળો શહેરમાં આવેલા જલારામ મંદિર સહીત ના સેન્ટરો માં નિશુલ્ક વિતરણ કરતા લોકો એ મોટી સંખ્યામાં આ જીવન રક્ષક ઉકાળો દેશી દવા તરીકે પીધો હતો.

આ બાબતે ડીસા નાં તાલુકા હેલ્થ અધિકારી ડો, ઉમેશભાઈ ઝવેરી એ જણાવેલ કે ` જીલ્લા આરોગ્ય અધિકારી ડો, અરુણભાઈ આચાર્ય ની સુચના અનુસાર સમગ્ર જીલ્લામાં તાવ-શરદી-ઉધરસ-લગતા દર્દિઓ ને યોગ્ય સારવાર મળી રહે તે માટે તમામ વ્યવસ્થા ગોઠવાયેલ છે, તો વળી, સ્વાઈન ફ્લુ સામે આયુર્વેદિક ઉપચાર પણ યોગ્ય હોઈ અનેકો દિવ્ય જડીબુટ્ટી નાં સંકલન થી બનાવેલ ઉકાળો જીલ્લા આરોગ્ય વિભાગ ના સહયોગે નિશુલ્ક ડીસા વિતરણ કરાયો છે, સ્વાઈન ફ્લુ સામે સરકાર અને તંત્ર પૂરતા દવાના જથ્થા સાથે સજ્જ છે,આ રોગ સામે સાવચેતી એજ સલામતી છે તેવું જણાવ્યું હતું.

# અવસાન નોંધ

બજાજ એલાયન્સના સેલ્સ મેનેજર અને ધનસુરા ખડાયતા યુવા સંઘના અગ્રણી રાકેશ મહેતા તેમજ સરલ પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝના મેનેજર લીનેશભાઈ શાહના સાસુ કુમુદબેનનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં સમુદાય જોડાયો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦